# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.
2. નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-અમેરિકા વેપાર કરાર વહેલી તકે પૂર્ણ થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો.
3. ભારતીય પ્રેસ પરિષદે વિરોધ પ્રદર્શનોનું કવરેજ કરતા પત્રકારો માટે માર્ગદર્શિકા જાહેર કરી.
4. ચંદીગઢના સુખના અને ઉત્તર પ્રદેશના સૌજ તળાવનો સમાવેશ થતાં દેશમાં રામસર સ્થળોની સંખ્યા 103 થઈ.
5. સરકારે પેટ્રોલ, ડીઝલ અને ATFની નિકાસ પર સુધારેલા દર જાહેર કર્યા.
6. મહિલા ક્રિકેટમાં આજે રાયપુરમાં ભારત - ઝિમ્બાબ્વે વચ્ચે T20 શ્રેણીની પહેલી મેચ – મહિલા દર્શકોને નિ:શુલ્ક પ્રવેશ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# UM AMIT SHAH STATE VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યકર્મોમાં ઉપસ્થિત રહેશે. તેઓ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણાતીર્થ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય નરરત્ન સૂરિશ્વરજી મહારાજ સાહેબનાં દર્શન કરશે. ત્યારબાદ બપોરે પાલડીમાં શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ પરમપૂજ્ય ઉદયપ્રભ સૂરિશ્વરજી મહારાજ સાહેબના દર્શન કરશે. સાંજે તેઓ ગાંધીનગરમાં રૂપાલમાં શક્તિપીઠ શ્રી વરદાયિની માતાજી મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરશે. તેમજ ભગવાન શિવજીની 81 ફૂટ ઉંચી પ્રતિમાનું ખાતમુહૂર્ત કરશે.

શ્રી શાહ માણસામાં બહુચર માતા મંદિરમાં માતાજીની આરતીમાં સહભાગી થશે. રાત્રે તેઓ કોલવડામાં શ્રી રામજી મંદિરમાં નવરાત્રિ યુવક મંડળ દ્વારા આયોજિત રાસગરબા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# HM- NSG RAISING DAY

ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ, NSG ને તેના સ્થાપના દિવસ પર શુભેચ્છા પાઠવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે NSG એ વાવાઝોડાની જેમ દેશ પર ઉમટી રહેલા દરેક આતંકવાદી ખતરાને નષ્ટ કરી દીધો છે અને અતૂટ હિંમત, કાર્યક્ષમતા અને વીર બલિદાનથી રાષ્ટ્રનું રક્ષણ કર્યું છે.

# FM-INDIA-US-DEAL

નાણામંત્રી નિર્મલા સીતારમણે ભારત-અમેરિકા વેપાર કરાર વહેલી તકે પૂર્ણ થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો. થાઇલેન્ડના બેંગકોકમાં IMF-વિશ્વ બેન્કની વાર્ષિક બેઠક દરમિયાન એટલાન્ટિક કાઉન્સિલનાં સંવાદસત્રમાં શ્રીમતી સીતારમણે કહ્યું, આ કરાર બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને મજબૂત બનાવશે.

નાણામંત્રીએ કહ્યું કે બંને દેશોએ દ્વિપક્ષીય અને વૈશ્વિક વેપારના હિતમાં કરારના વહેલા નિષ્કર્ષ તરફ કામ કરવું જોઈએ. તેમણે કહ્યું, વેપાર કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ અપાયું છે અને કાનૂની મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

# RAJNATH PC LKO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે તાજેતરના વિરોધ પ્રદર્શનો અંગે કોંગ્રેસ પાર્ટી પર ખોટી માહિતી આપીને લોકોને ગેરમાર્ગે દોરવાનો આક્ષેપ કર્યો. ઉત્તરપ્રદેશના લખનઉમાં પત્રકાર પરિષદને સંબોધતા, શ્રી સિંહે કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી પર પ્રહારો કર્યા.

## બાઇટ – રાજનાથ સિંહ

# PCI- GUIDELINES

પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા PCI એ વિરોધ પ્રદર્શનો અને પ્રદર્શનોનું કવરેજ કરતા પત્રકારો માટે માર્ગદર્શિકા જારી કરી છે. વર્તમાન પરિસ્થિતિ અને વિરોધ પ્રદર્શનોના વ્યવસ્થિત અને અસરકારક કવરેજને સરળ બનાવવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

જે હેઠળ, પત્રકારોને તેમના મીડિયા સંગઠનો અથવા પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો PIB અને માહિતી અને પ્રચાર નિયામક મંડળ દ્વારા જારી કરાયેલ ઓળખ કાર્ડ, લાગુ પડે તેમ, સાથે રાખવા અને પ્રદર્શનોનું કવરેજ કરતી વખતે તેમને સ્પષ્ટપણે પ્રદર્શિત કરવા સલાહ અપાઈ છે.

પત્રકારોને ભીડના વર્તનમાં થતા ફેરફારો પ્રત્યે સતર્ક રહેવા અને અગાઉથી ભાગી જવાના માર્ગો જાણી લેવા કહ્યું છે. માર્ગદર્શિકામાં પત્રકારોને ઘટનાઓનો સચોટ, ઉદ્દેશ્યપૂર્ણ અને નિષ્પક્ષ રીતે અહેવાલ આપવા જણાવાયું છે.

# KIRTI VARDAN- RAMSAR SITES

ભારતમાં રામસર સ્થળોની સંખ્યા 103 થઈ. ચંદીગઢના સુખના તળાવ અને ઉત્તર પ્રદેશના સૌજ તળાવનો જળપ્લાવિત વિસ્તારોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે આ મહત્વપૂર્ણ ઇકોસિસ્ટમનું રક્ષણ કરવાથી દેશનો કુદરતી વારસો સુરક્ષિત રહે છે અને આવનારી પેઢીઓ માટે હરિયાળું ભવિષ્ય સુરક્ષિત રહે છે. તેમણે આ સીમાચિહ્ન સુધી પહોંચવામાં સામેલ દરેક વ્યક્તિનો પણ આભાર વ્યક્ત કર્યો.

રામસર સ્થળો 1971માં સ્થાપિત પર્યાવરણીય સંધિ, રામસર કન્વેન્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહત્વના વેટલેન્ડ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP ABHIYAN - RANN UTSAV

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું કચ્છના રણોત્સવ વિશે..**

## CAPSULE: MITTAL PATEL

*ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2005માં વિનાશક ભૂકંપથી પ્રભાવિત કચ્છના ધોરડોમાં દેશભરના પ્રવાસીઓને આકર્ષવા ટેન્ટસિટીની સ્થાપન કરી અને આ રીતે પ્રારંભ થયો કચ્છના રણોત્સવનો... જે કચ્છના કારીગરોને તેમના ઘરઆંગણે એક સમૃદ્ધ બજાર પૂરૂં પાડે છે. રણ ઉત્સવના વિકાસની પ્રશંસા વ્યક્ત કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આમ જણાવ્યું,*

*[BYTE - PM]*

*સફેદ રણ અને ઐતિહાસિક ધોળાવીરાના મનમોહક પરિદ્રશ્યો અને સમૃદ્ધ વારસા અંગે એક મુલાકાતીએ પોતાનો અનુભવ જણાવ્યો.*

*[S/B - પ્રવાસી]*

*રણોત્સવ જેવી પહેલ દ્વારા, એક સમયે દૂરસ્થ મીઠાના રણને સમગ્ર વિશ્વ માટે ગ્રામીણ સાંસ્કૃતિક પર્યટન માટે પરિવર્તિત કરવામાં આવ્યું છે. અપર્ણા ખૂંટના અહેવાલ સાથે મિત્તલ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ*

# GOVT- ATF

સરકારે ચાલુ પખવાડિયા માટે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ - ATFની નિકાસ પર સુધારેલા કર જાહેર કર્યા છે. જે અંતર્ગત પેટ્રોલની નિકાસ પરનો કર અઢી રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલની નિકાસ પર સાડા આઠ રૂપિયા પ્રતિ લિટર રહેશે. જ્યારે ATFની નિકાસ પર સાડા દસ રૂપિયા પ્રતિ લિટર કર લાગશે. સુધારેલા દરો આજથી અમલમાં આવ્યા છે.

જોકે સ્થાનિક વપરાશ માટે ઉપલબ્ધ પેટ્રોલ અને ડીઝલ પરના હાલના એક્સાઇઝ ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરાયો નથી.

# AIR INDIA- FLIGHT CANCEL

સાઉદી અરેબિયામાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનને લઈને એર ઇન્ડિયાએ 20 મી તારીખ સુધી રિયાધ, દમ્મામ અને જેદ્દાહ જતી અને પરત આવતી ઉડાનો રદ કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, એર ઇન્ડિયાએ જણાવ્યું કે તે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને ઉડાન સંચાલન સુરક્ષિત રીતે ફરી શરૂ થાય તે સુનિશ્ચિત કરશે. ઉડાનો રદ થવાથી મુસાફરોને સંપૂર્ણ રિફંડ આપવામાં આવી રહ્યું છે.

# INDIA- WEST ASIA UN

ભારતે પશ્ચિમ એશિયામાં વણસી રહેલી સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી છે. ભારતે નાગરિક માળખાગત સુવિધાઓ, વાણિજ્યિક જહાજો અને ભારતીય નાવિકો પર વારંવાર થઈ રહેલા હુમલાની સખત ટીકા કરી. પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ચર્ચામાં સંબોધન કરતાં, UNમાં ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વતાનેનીએ આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા વાણિજ્યિક જહાજોના સૂચારુ આવાગમન પર ભાર મૂક્યો.

તેમણે રિયાધ એરપોર્ટ પર તાજેતરના હુમલાઓની ટીકા કરી. એમવી ડીપી વર્લ્ડ કાવેરી અને એમટી વાલ્થેરા સહિતના જહાજો પરના હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે ભારતીય નાવિકોની સલામતી સરકારની પ્રાથમિકતા છે.

બેઠકમાં ભારતે ભારતીય નાવિકોની સલામતી સુનિશ્ચિત કરવામાં ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના સમર્થન અંગે પ્રશંસા વ્યક્ત કરી હતી.

# KARNATAKA GOVERNOR OATH

કર્ણાટકના રાજ્યપાલ તરીકે ડૉ. સુધા યાદવે આજે કાર્યભાર સંભાળ્યો. બેંગલુરુના લોકભવનમાં યોજાયેલા શપથ ગ્રહણ સમારોહમાં કર્ણાટક વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ વિભુ બાખરુએ તેમને શપથ લેવડાવ્યા. આ સમારોહમાં મુખ્યમંત્રી ડી. કે. શિવકુમાર, મંત્રીઓ અને અન્ય મહાનુભાવો સાથે વિદાયમાન રાજ્યપાલ થાવરચંદ ગેહલોત ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. યાદવ 1999ના કારગિલ યુદ્ધ દરમિયાન શહીદ થયેલા સરહદ સુરક્ષા દળ BSFના ડેપ્યુટી કમાન્ડન્ટ સુખબીર સિંહ યાદવના પત્ની છે.

# WORLD FOOD DAY – CHAUHAN

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે વિશ્વ ખાદ્ય દિવસ નિમિત્તે જણાવ્યું કે, ખોરાકએ જીવન છે અને તેને ભગવાન સમાન માનવામાં આવે છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ચૌહાણે કહ્યું, ભારતીય સંસ્કૃતિમાં ખોરાકને ઈશ્વરનો દરજ્જો આપવામાં આવ્યો છે.

વિશ્વ ખાદ્ય દિવસ દર વર્ષે 16 ઓક્ટોબરે ઉજવવામાં આવે છે. આ દિવસ 1945માં સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠનની સ્થાપનાની યાદમાં ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ ખાદ્ય દિવસની થીમ છે - આજે નવીનતા લાવો, પોષણ સુનિશ્ચિત કરો.

# CRICKET

મહિલા ક્રિકેટમાં આજે રાયપુરમાં ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની પહેલી મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે. શ્રેણીની બીજી મેચ 18 ઓક્ટોબરે અને ત્રીજી મેચ 20 ઓક્ટોબરે રમાશે. ત્રણેય T20 મેચમાં મહિલા દર્શકોને સ્ટેડિયમમાં નિ:શુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

T20 શ્રેણી પછી, બંને ટીમો વચ્ચે ત્રણ એક દિવસીય મેચ પણ રમાશે. આ મેચ 23, 25 અને 28 ઓક્ટોબરે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે રમાશે.